નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

જિલ્લાની ૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આજે જાહેરનામુ

# રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે

## મહેન્દ્રસિંહ, તેજશ્રીબેન પ્રફુલ્લ પટેલને મળ્યા : શંકરસિંહ દિલ્હી પહોંચ્યા : ગુજરાતમાં ચૂંટણી માટે કોંગ્રેસ તૈયાર : અહમદ પટેલ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની વહેલી ચૂંટણીની અટકળો વચ્ચે રાજ્યના રાજકીય સમીકરણો પણ ઝડપથી બદલાઈ રહ્યા છે.

આજે કોંગ્રેસના બે ધારાસભ્યો મહેન્દ્રસિંહ વાઘેલા અને તેજશ્રીબેન પટેલ ગાંધીનગર સરકીટહાઉસ ખાતે રાષ્ટ્રવાદી કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અને પૂર્વ ઉડ્ડયન મંત્રી પ્રફુલ્લ પટેલને મળ્યા હતા.

મહેન્દ્રસિંહ વાઘેલા તેમને બંધબારણે પાંચ મિનિટ માટે મળ્યા હતા તો તેજશ્રીબેન પટેલ પણ તેમને ભોજનના ટેબલ પર મળ્યા હતા. આ બે ધારાસભ્યો આજે પટેલને મળતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં અનેક તર્કવિતર્ક વહેતા થયા હતા.

દરમ્યાન પ્રફુલ્લ પટેલે પણ પત્રકારોને એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ભાજપ અને કોંગ્રેસના ઘણા બધા નેતાઓ અને કાર્યકરો હાલ દ્વિધાભરી સ્થિતિ અનુભવી રહ્યા છે. આગામી દિવસોમાં તમે ઘણા બધા ચડાવ-ઉતાર આ પાર્ટીઓમાં જોતા જશો.

પટેલે જણાવ્યુ હતુ કે ભાજપ હોય કે કોંગ્રેસ કે પછી અમારો પક્ષ બધા જ એકબીજામાંથી આવેલા છીએ. તેમણે જણાવ્યુ હતુ કે તેમનો પક્ષ રાજ્યમાં ચૂંટણી લડશે. આ ચૂંટણી પહેલાં અમે લોકોમાં ત્રીજા વિકલ્પનો વિશ્વાસ ઉભો કરવાની દિશામાં કાર્યરત બનેલા છીએ.

બીજી તરફ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આજે દિલ્હી ખાતે પક્ષના આગેવાનોની ચૂંટણી માટે બોલાવાયેલી બેઠકને લઈ દિલ્હી પહોંચ્યા છે. દરમ્યાન કોંગી નેતા અહમદ પટેલે પણ સાંજે એક નિવેદનમાં જણાવ્યુ છે કે ગુજરાતમાં ગમે ત્યારે ચૂંટણી આવે કોંગ્રેસ તૈયાર છે. ગુજરાત યુ.પી. કે ઉત્તરાખંડ નથી. ચૂંટણી આવશે ત્યારે ખબર પડી જશે.

## રાજયમાં તબીબોની જગ્યા ભરાશે

ગાંધીનગર, તા.૧૭

આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ રાજયના તમામ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદઢ બનાવવા તબીબોની જગ્યાઓ સંપૂર્ણ ભરાય તેવો અભિગમ રહ્યો છે. જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ સંદર્ભે ઉપસ્થિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુંહતું કે, છેલ્લા એક વર્ષમાં ૧૬૩૭ તબીબોની ભરતી કરવામાં આવી છે.

## મેટ્રો પ્રોજેકટ પાછળ બે વર્ષમાં ૧૩૦૪ કરોડનો ખર્ચ કરાયો

### ભારત સરકારે શેર ફાળા માટે ૩૫૧ કરોડ આપ્યા

ગાંધીનગર તા ૧૭

અમદાવાદ ગાંધીનગર મેટ્રો ટ્રેઈન પ્રોજેકટ માટે છેલ્લા બે વર્ષમાં ૧૩૦૪.૦૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિરમગામના તેજશ્રીબેન પટેલના પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ મેટ્રો ટ્રેઈન પ્રોજેકટની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. જયારે હાલ બાંધકામનુ કામ ચાલી રહયુ છે. મેટ્રો ટ્રેન તબકકાવાર કાર્યાન્વિત થશે. જેમાં પ્રથમ તબક્કામાં ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીનો ૬ કી મી નો રૂટ વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

કાર્યાન્વિત થઈ જશે. જયારે મેટ્રો પ્રોજેકટ પાછળ રાજય સરકારે કુલ રૂ ૨૭૧૭ કરોડનુ મુડી રોકાણ કરશે. જેમાં ઈક્વિટી રૂ ૧૪૧૨ કરોડ અને ૧૩૦૫ કરોડ સબ આર્ડીનેટ ડેબ્ટ તરીકેનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા કુલ રૂ ૧૪૧૨ કરોડનુ મુડીરોકાણ કરવામાં આવશે. આ પ્રોજેકટમાં કોઈ વિદેશી કંપનીઓ કે વિદેશની સરકારે મુડીરોકાણ કર્યુ નથી. વધુમાં ગાંધીનગર અમદાવાદ મેટ્રો લીંક કંપનીને શેર ફાળા પેટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મળી છે તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ભારત સરકાર તરફથી મેગા કંપનીને શેર ફાળા પેટે રૂ ૩૫૧.૨૧ કરોડ મળ્યા છે.

**વિધાનસભા બિલ્ડીંગના નવિનીકરણના માટે ૧૨૦.૯૭ કરોડ ખર્ચાશે**

હાલ વિધાનસભા ગૃહની કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે વિધાનસભા બિલ્ડીંગના રીનોવેશનનુ કામ પણ ચાલી રહયુ છે. અલબત્ત પ્રાથમિક કામગીરી શરૂ કરી દેવાઈ છે. જયારે આ પ્રોજેકટ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવનાર છે. વિધાનસભા બિલ્ડીંગનુ નિર્માણ થયુ તેની સાપેક્ષમાં હાલ રીનોવેશન પાછળના ખર્ચનો આંકડો આશ્ચર્યજનક લાગે છે. અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાંવ્યા મુજબ વિધાનસભાના બિલ્ડીંગના નવિનીકરણ માટે બે કંપનીઓના ટેન્ડરો મળ્યા છે. જયારે વિધાનસભા બિલ્ડીંગના નવિનીકરણ પાછળ રૂ ૧૨૦.૯૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**જિલ્લાના ૨૧૮ એકમોની ૬૨૦ કરોડની વેટ વસુલાત બાકી ખોટી આકારણી બદલ ૧૮૪ કિસ્સામાં અપીલ**

ગાંધીનગર જિલ્લામાં વેટની એક લાખ કરતા વધુ રકમ વસુલવાની હોય તેવા એકમો અંગે માહીતી આપવા માટે સાણંદના કરમશી પટેલે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં વેટ વસુલીમાં એક લાખથી વધુ રકમ બાકી હોય તેવા ૨૧૮ એકમો છે. જયારે આ એકમોની કુલ વસુલાતનો આંક ૬૨૦.૯૯ કરોડ થાય છે. વેટ ચુકવતા ન હોય તેવા કિસ્સામાં જિલ્લામાં કેટલા એકમો સામે શુ કાર્યવાહી કરવામાં આવી તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૧૦૨ કેસોમાં ગુજરાત વેચાણવેરા ,ગુજરાત મુલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલા લેવામાં આવે છે. આ ઉપરાંત કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન અંગે નાણાં મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે બે વર્ષમાં જિલ્લામાં વેટની ખોટી આકારણી થઈ હોય તેવા ૧૮૪ કિસ્સામાં સરકારમાં અપીલ દાખલ કરવામાં આવી છે. જયારે આ પૈકી ૨૧ કીસ્સામાં ૧૨.૩૯ લાખ રીફંડ આપવામાં આવ્યા છે. જયારે ૫૩.૧૧ લાખનુ રીફંડ ચુકવવાનુ બાકી છે.



તબીબી વિદ્યાર્થીઓનો આક્રોશ - ગાંધીનગર ખાતે તબીબી વિદ્યાર્થીઓએ પીજીના પ્રવેશની પદ્ધતિ સામે પ્રદર્શન કર્યું હતું... કોમન કાઉન્સીલીંગના એમસીઆઈના નિર્ણયથી થતા અન્યાયની રજૂઆત માટે ગાંધીનગર મેડીકલ કૉલેજના વિદ્યાર્થીઓએ ધરણા કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# ધોરણ-૧૦માં વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓને લાંબુ અને અઘરુ લાગ્યું

## એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછાયા : આકૃતિવાળા પ્રશ્નોનો જવાબ સમયસર આપવાનુ અઘરુ બન્યુ : પાઠયપુસ્તકનો યોગ્ય અભ્યાસ કરનારા માટે પેપર સરળ : તજજ્ઞનો મત

ગાંધીનગર તા ૧૭

ધોરણ-૧૦ માં આજે વિજ્ઞાન વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં આકરી પુરવાર થઈ હતી. એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછ્યા હતા.જયારે આકૃતિવાળા પ્રશ્નોના લીધે વિદ્યાર્થીઓને સમય ઓછો પડયો હતો. પાઠયપુસ્તકની સમજુતી આધારિત પ્રશ્નપત્ર વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે અઘરુ અને લેન્ધી રહયુ હતુ. ધોરણ-૧૦માં વિજ્ઞાનની પરીક્ષામાંથી જિલ્લામાંથી ૪૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ આયોજિત ધોરણ -૧૦ની પરીક્ષામાં પ્રથમ દિવસે ગુજરાતી વિષયની સરળ પરીક્ષા બાદ આજે વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરુ પુરવાર થયુ હતુ. વિજ્ઞાનનુ પેપર સંપુર્ણ પાઠય પુસ્તક આધારિત હતુ પરંતુ સમગ્ર પુસ્તકનો સમજીને અભ્યાસ કર્યો હોય તેવા હોંશિયાર વિદ્યાર્થી સિવાયના પરીક્ષાર્થીઓને આ પ્રશ્ન પેપર તકલીફમાં મુકે તેવુ હતુ. વિષય નિષ્ણાંત કિશારસિંહ રાજપુતે વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ભાગ - અ માં એમ સી ક્યુ ફેરવીને પુછાતા સમજી વિચારીને જવાબ આપવા પડયા હતા જેના લીધે વિદ્યાર્થીઓનો સમય વધુ બગડયો હતો. જયારે ભાગ અ માં પુછાયેલા પ્રશ્નો રીવિઝન કરનારા વિદ્યાર્થીઓ માટે સરળ રહયા હતા. જયારે પ્રશ્નપત્રના બીજા ભાગમાં પણ પાઠ્ય પુસ્તક આધારિત પ્રશ્નો હતા. પ્રશ્નપત્રમાં પાંચ ગુણનો એક પ્રશ્ન ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. દાખલાના પ્રશ્નો ન હોવાથી



● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૨માં રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સંપુર્ણ પુસ્તક આધારિત

## કેમેસ્ટ્રીનુ પેપર પાઠ્ય પુસ્તક આધારિત અને સરળ વિદ્યાર્થીઓ ખુશ

ગાંધીનગર તા ૧૭

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રસાયણવિજ્ઞાનની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ રહી હતી. રસાયણવિજ્ઞાનનુ પેપર સંપુર્ણ પાઠ્ય પુસ્તક આધારિત અને સહેલુ હોવાથી વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાની મજા પડી હતી. જિલ્લામાંથી ૧૩૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહયા હતા.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રસાયણવિજ્ઞાનની પરીક્ષા આપી હતી. ભૌતિકશાસ્ત્રના સહેલા પેપર બાદ આજે રસાયણશાસ્ત્રનુ પેપર વિદ્યાર્થીઓ માટે રહયુ હતુ. સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિષય નિષ્ણાંત નયન ત્રિવેદીએ રસાયણવિજ્ઞાનના પ્રશ્નપત્ર અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કેમેસ્ટ્રીનુ પેપર સંપુર્ણ પાઠ્ય પુસ્તક આધારિત અને સરળ રહયુ હતુ. પ્રશ્નપત્રમાં પુછાયેલા એમ સી કયુ પણ સંપુર્ણ પાઠયપુસ્તકમના આધારે જ પુછાયા છે. થિયરીના પ્રશ્નો પણ સરળ પુરવાર થયા છે. પુસ્તકનો અભ્યાસ કર્યો હોય તેવા પરીક્ષાર્થીઓ માટે આ પેપર અત્યંત સહેલુ કરી શકાય જયારે થિયરીના પ્રશ્નોના જવાબ પણ સમયસર પુરા થઈ જાય તેવા હોવાથી વિદ્યાર્થીઓ સમય પહેલા જ પરીક્ષા પુરી કરી દીધી હતી. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની આ કસોટીમાં જિલ્લામાંથી કુલ નોંધાયેલા ૬૧૭૮ વિદ્યાર્થીઓ પૈકી ૬૦૪૪એ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે કેમેસ્ટ્રીની પરીક્ષામાં ૧૩૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી એકપણ કોપીકેસ નોંધાયો ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## OBITUARY



A noble soul whose absence will always be felt. Our beloved **Smt. Laxmi Narayanan Nair** passed away on **16th March, 2017**. Besna will be held on **19th March, 2017** between **9 am & 11 am.**

**Venue:** Samast Brahm Samaj Hall, Opp. Rangmanch, Sector 16, Gandhinagar - 382016.

Deeply mourned by Mr. Narayanan Nair & all family members. Laxmi Nivas, Plot No 648/1, Sector 4-C, Gandhinagar-382006.

# જિલ્લાની ૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આજે જાહેરનામુ

## પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કાથી ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉત્તેજનાનો માહોલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની ૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટેનું આજે જાહેરનામુ પ્રગટ કરાશે અને એ સાથે જ પંચાયતની સામાન્ય ચૂંટણીના બીજા તબક્કાનો પ્રારંભ થશે.

કલોલ-માણસાની મોટાભાગની પંચાયતો ઉપરાંત ગાંધીનગર, દહેગામની છુટી છવાઈ ચૂંટણીઓ યોજવાની થાય છે. આ માટે રાજ્ય ચૂંટણી પંચે બે દિવસ પહેલાં જ તે અંગેના વિગતવાર કાર્યક્રમની ઘોષણા કરી હતી.

આજે જાહેરનામુ પ્રગટ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીને પગલે જિલ્લામાં ચાર માસમાં બીજીવાર રાજકીય ગરમાવો આવ્યો છે.

ગ્રામીણ વિસ્તારોમાં બેઠકોનો સિલસિલો ચાલુ થઈ જવા પામ્યો છે એટલુ જ નહિ જો અને તો નું રાજકારણ પણ આરંભાઈ ચુક્યુ છે.

રાજયમાં વિધાનસભાની વહેલી ચૂંટણીઓની અટકળો વચ્ચે યોજાઈ રહેલી પંચાયતોની બીજા તબક્કાની ચૂંટણી બન્ને પક્ષો માટે પણ મહત્વની પૂરવાર થવાની છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી પણ પક્ષોના નેતાઓના પરોક્ષ આશીર્વાદ સાથે આ જંગમાં ગ્રામીણ કાર્યકરો ઝુકાવતા હોય છે.

૨૩મી સુધી આ ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરી શકાશે. ૨૪મીએ ચકાસણી થશે અને ૨૫મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પછી ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતની ચૂંટણીનો જવર જોવા મળશે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ
(વિતરક : અમુલ દૂધ અને દૂધની બનાવટો)
દુકાન નંબર - સી-૬, શોપિંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર.
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫ , ૨૩૨૩૬૧૨૨
ઓફીસ સમય : સવારે ૮-૩૦ થી ૧૨-૦૦ અને સાંજે ૨-૦૦ થી ૫-૩૦
અમૂલ દૂધ વિતરણ કેન્દ્રો શરૂ કરવાનાં છે.
ગાંધીનગર શહેરના તમામ સેકટરોના શોપિંગ સેન્ટરોમાં તેમજ સેકટરના રીંગરોડ ઉપર દુકાન લાયક રહેઠાણની જગ્યા ઉપર અમૂલ દૂધના વેચાણ માટે નવા કેન્દ્રો શરૂ કરવાના છે. આ ઉપરાંત સરગાસણ, કુડાસણ, વાવોલ, ધોળાકુવા, ઈન્દ્રોડા, રાંદેસણ, ઈન્ફોસીટી તેમજ તેની આજુબાજુ ના વિકસીત વિસ્તારમાં મંડળી તરફથી આકર્ષક કમીશનથી નવાં વેચાણ કેન્દ્રો શરૂ કરવાનાં હોઈ અમૂલ દૂધ, છાશ, પનીર, દહી, લચ્છી તથા અમૂલની અન્ય ફ્રેશ પ્રોડકટના વેચાણ માં રસ ધરાવતી અને ફ્રીજની સગવડ ધરાવતી વ્યકિતઓએ મંડળીની ઓફીસે વહેલા તે પહેલાના ધોરણે ઉપરના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com